ગાંધીનગર સમાચાર

## કેશલેસ ફી ન સ્વીકારતી શાળાઓ સામે પગલા લેવાશે

# ટેકાના ભાવ જાહેર કરતાં પહેલાં ઉત્પાદન ખર્ચને લક્ષમાં ખેડૂતોની માંગ

**કમિશન ફોર કોસ્ટ એન્ડ પ્રાઈસ સમક્ષ રાજ્યના ખેડૂતોની સ્પષ્ટ વાત : સચિવાલયનો સ્વર્ણિમ સંકુલમાં ત્રણ કલાક કમિશને ખેડૂતોને સાંભળ્યા : જિલ્લાના ૨૦ ખેડૂતો પણ રજુઆત માટે પહોંચ્યા હતા**

ગાંધીનગર, તા. ૨૪

ખેડૂતોને ટેકાના ભાવ સમયસર અને પોષણક્ષમ મળવા જોઈએ તેવી રજુઆત આજે ગુજરાત સહિતના પાંચ રાજયોના પ્રતિનિધિઓએ કમિશન ફોર કોસ્ટ એન્ડ પ્રાઈસ સમક્ષ ગાંધીનગર ખાતે કરી હતી.

ગાંધીનગર જિલ્લાના ૨૦ખેડૂતો તેમજ કિસાન સંઘ સહિતના અગ્રણી ખેડૂત સંગઠનો પણ આ રજુઆતમાં જોડાયા હતા. સચિવાલયના સ્વર્ણિમ સંકુલમાં આવેલ તાપી હોલ ખાતે કમિશને ત્રણ કલાક સુધી આ રજુઆતો સાંભળી હતી.

કમિશનના ચેરમેન વિજય પોલ શર્મા સભ્ય સચિવ શૈલજા શર્મા સહિતના આ પ્રતિનિધિમંડળે ખેડૂતોની રજુઆતો ખુલ્લામને સાંભળી હતી. ખેડૂતોએ દરેક ખેતર સુધી સિંચાઈની સુવિધા ઉપલબ્ધ બને તે માટે પણ આગ્રહ કર્યો હતો. જેથી આકાશી ખેતી જ નહિ પરંતુ બારમાસી ખેતી થઈ શકે.

ટેકાના ભાવ મુદ્દે ખેડૂતોએ એવી રજુઆત કરી હતી કે

● અનુસંધાન પાન-૭ પર



રિહર્સલ - પ્રજાસત્તાક દિનની ઉજવણી પૂર્વે પરેડની સલામી અને રંગારંગ કાર્યક્રમનું રિહર્સલ મંગળવારે રામકથા મેદાનમાં યોજાયું હતું... શાળાઓના બાળકોનો દેશભક્તિથી છલકાતો સાંસ્કૃતિક કાર્યક્રમ ઉજવણીનું આકર્ષણ બનશે...

# અન્ય બોર્ડનું શિક્ષણ આપતી સાત શાળા દંડાઈ

ગાંધીનગર, તા. ૨૪

ગાંધીનગર જિલ્લામાં અન્ય બોર્ડના જોડાણ વગર અભ્યાસક્રમ ચલાવતી સાત શાળાઓ સામે દંડનીય કાર્યવાહી કરવાનો જિલ્લા શિક્ષણતંત્રએ નિર્ણય લીધો છે.

પ્રાપ્ત થતી વિગતો પ્રમાણે જિલ્લાતંત્રએ સતત ત્રણ દિવસ દરમ્યાન સઘન તપાસને અંતે રાજ્ય શિક્ષણ બોર્ડ સાથે જોડાણ ધરાવતી આ શાળાઓમાં અન્ય બોર્ડનું શિક્ષણ અપાતુ હોવાનું પકડી પાડ્યું હતુ.

જિલ્લા શિક્ષણ તંત્રએ આ શાળાના સંચાલકોને પહેલા નોટીસ આપી ખુલાસો પુછ્યો હતો ત્યારબાદ કુદરતી ન્યાયના સિદ્ધાંત પ્રમાણે તેમની રૂબરૂ રજુઆતો પણ સાંભળવામાં આવી હતી. આ પછી વિભાગના વિવિધ કાયદાઓની જોગવાઈને આધિન રહી દંડનીય કાર્યવાહી કરવાનો નિર્ણય લીધો છે.

આ સૂત્રોએ જણાવ્યુ છે કે મફત ફરજીયાત શિક્ષણધારો-૨૦૦૯ અંતર્ગત તથા આર.ટી.આઈ. રૂલ્સ-૨૦૧૨ અને શિક્ષણ વિભાગના ૨-૧૨-૨૦૧૪ના પરિપત્રની જોગવાઈઓને સાથે રાખી સમગ્ર કેસમાં દંડનીય કાર્યવાહી કરવાનો નિર્ણય લીધેલ છે.

શિક્ષણતંત્રની તપાસમાં સીબીએસઈ અથવા અન્ય બોર્ડ કે અન્ય પ્રકાશનોનો અભ્યાસક્રમ ચલાવવા બદલની અનિયમિતતા માટે આ દંડ ફટકારવામાં આવ્યો હોવાનું જાણવા મળેલ છે.

જે સ્કૂલો સામે દંડનીય કાર્યવાહી કરવામાં આવી છે તેમાં દહેગામ ઈન્ટરનેશનલ સ્કૂલને પ્રથમ વર્ષ માટે રૂ. ૧૦ હજાર તથા પ્રત્યેક

● અનુસંધાન પાન-૭ પર

# સરકારી આવાસના બિનઅધિકૃત ૧૦૦ કિસ્સામાં કોર્ટ કેસ દાખલ કરાશે

**સીધી ભરતીના છુટા કરાયેલા કર્મચારીઓ નોટીસના અંતે પણ આવાસ છોડતા નથી**

ગાંધીનગર તા ૨૪

સીધી ભરતીના કર્મચારીઓને છુટા કરાયા બાદ ગેરકાયદેસર રીતે આવાસોનો કબજો ધરાવતા હોય તેવા કીસ્સામાં તંત્ર દ્વારા કોર્ટ કેસ દાખલ કરી કાર્યવાહી હાથ ધરવામાં આવશે. શહેરમાં ૧૦૦ થી વધુ આવાસોમાં છુટા કરાયેલા કર્મચારીઓનો બિન અધિકૃત કબજો હોવાનુ પણ મનાઈ રહયુ છે. ત્યારે તંત્ર દ્વારા નોટીસના અંતે પણ આવાસો ખાલી ન કરાયા હોય તેવા કિસ્સામાં કડક પગલા લેવાશે.

શહેરમાં નિકાલ હેઠળના મકાનો તોડી નંખાયા બાદ હાલ મોટાભાગના આવાસો પણ ખંડેર હાલતમાં છે. જયારે સરકારી મકાનોનુ તબક્કાવાર રીનોવેશન પણ હાથ ધરવામાં આવી રહયુ છે. જયારે નિકાલ હેઠળના મકાનોના ઠેકાણે નવા આવાસો બાંધવામાં આવી રહયા છે. જો કે આ આવાસો તૈયાર થતા હજુ સમય લાગે તેમ છે. ત્યારે સરકારી કર્મચારીઓની સંખ્યા સામે આવાસોની ઘટ પ્રવર્તી છે. આવા સંજોગોમાં આવાસ માટેની પ્રતિક્ષા યાદી પણ મોટી છે. ત્યારે કર્મચારીઓને રહેણાંકને લાયક મકાનો ફાળવવાની પ્રક્રીયા કપરી બની છે. બીજીતરફ નગરમાં સ્થિત સરકારી આવાસોમાં બિનઅધિકૃત કબજો હોવાના પણ નોંધપાત્ર કિસ્સા છે. સરકારી આવાસમાં ગેરકાયદેસર કબજો ધરાવતા કબજેદારો સામે ભુતકાળમાં પણ કોર્ટ કાર્યવાહી હાથ ધરવા માટે કેસ દાખલ કરાયો હતો. જયારે હવે સીધી ભરતીના કર્મચારીઓ પણ છુટા કરાયા બાદ આવાસો ખાલી ન કરાતા હોવાનુ સ્પષ્ટ થયુ છે. ત્યારે તંત્ર પણ આ પ્રકારના ગેરકાયદેસર કબજો ધરાવતા આવાસોને ખાલી કરાવવા માટે સજાગ બન્યુ છે. આ મામલે સીધી ભરતી હેઠળ છુટા કરાયેલા ૧૦૦ થી વધુ કિસ્સામાં આવાસો બિનઅધિકૃત કબજામાં હોવાનુ ધ્યાને આવ્યુ છે. ત્યારે આ આવાસોને ત્વરિત ખાલી કરવાની સુચના સાથે તંત્ર દ્વારા નોટીસ પણ જારી કરી દેવામાં આવી છે. જો કે બે વાર નોટીસ અપાયા બાદ પણ આવાસો ખાલી કરવામાં આવ્યા નથી. જેના લીધે તંત્ર દ્વારા આખરી નોટીસ આપી હવે આવાસને કબજા મુક્ત નહીં કરાય તો કોર્ટ કેસ દાખલ કરવામાં આવશે. આ પૈકી પુન : નિયુક્તિમાં સમાવેશ કરાયો હોય તેવા કિસ્સામાં પુરાવા રજુ કરવાની અનિવાર્યતા પણ હોય છે.

# જિલ્લામાં ટ્રાફિક નિયમનના ભંગ બદલ એક મહીનામાં ૮ લાખનો દંડ વસુલાયો

ગાંધીનગર તા ૨૪

ગાંધીનગર આર ટી ઓ કચેરી દ્વારા ગત ડિસેમ્બર મહીના દરમિયાન ટ્રાફિક નિયમનના ભંગ બદલ રૂ ૮ લાખનો દંડ વસુલવામાં આવ્યો છે. આર ટી ઓ કચેરી દ્વારા વાહનચાલકો પાસેથી વિવિધ ૧૭ પ્રકારના નિયમનના ભંગ બદલ આ દંડની રકમ વસુલવામાં આવી છે. શહેરમાં ટ્રાફિક નિયમનના અભાવ વચ્ચે પૈડા પરની જિન્દગી જોખમી બની છે. ત્યારે માર્ગ સલામતીને સ્પર્શતા પરિબળો સંદર્ભે પણ નક્કર પગલા લેવાય તેવી પ્રબળ માંગ ઉઠવા પામી છે.

ગાંધીનગરમાં ટ્રાફિક નિયમનની વ્યવસ્થા ખાડે ગઈ છે. ગતિ નિયંત્રણના અભાવ વચ્ચે નગરના ખુલ્લા અને પહોળા માર્ગો પર વારંવાર અકસ્માતો સર્જાય છે. ત્યારે ટ્રાફિક નિયમનના મામલે આમ નાગરિકોમાં જાગૃતિ આવે અને માર્ગ સલામતી જળવાય તેવા આશયથી આર ટી ઓ તંત્ર દ્વારા પણ દંડ વસુલીની ઝુંબેશ હાથ ધરવામાં આવે છે. ગત ડિસેમ્બર મહીના દરમિયાન પણ આર ટી ઓ કચેરી દ્વારા જિલ્લામાં ટ્રાફિકના નિયમનોનો ભંગ કરતા વાહનચાલકો પાસેથી દંડની વસુલી કરવામાં આવી હતી. જેમાં ઓવરલોડ જતા વાહનો ,પેસેન્જર બસ,સીટ બેલ્ટ રેડીયમ પટ્ટી,રીફલેક્ટર , એરહોર્ન,વીમા અને લાઈસન્સ વિનાના વાહનો, નિયમ મુજબની નંબર પ્લેટ ન હોય

● અનુસંધાન પાન-૭ પર

# કેશલેસ ફી ન સ્વીકારતી શાળાઓ સામે પગલા લેવાશે

**ફરિયાદ કરનાર વાલીનુ નામ પણ ગુપ્ત રહેશે**

ગાંધીનગર તા ૨૪

નોટબંધી બાદ કેશલેશ વ્યવ્હારને વેગ આપવા માટે પ્રયાસો કરવામાં આવી રહયા છે. જયારે આ માટે સરકારી તંત્ર દ્વારા પણ જનજાગૃતિ અભિયાન હાથ ધરાયા હતા. નગરની શાળાઓમાં પણ કેશલેશ વ્યવ્હારથી ફી ચુકવવા માટે વાલીઓને પ્રાત્સાહીત કરાયા છે. જયારે આવા સંજોગોમાં કેટલીક શાળાઓ દ્વારા ફી ની મોટાભાગની રકમ કેશથી ચુકવવા માટે જ આગ્રહ રાખવામાં આવતો હોવાની ફરિયાદો પણ ઉઠતી રહે છે. ત્યારે આવા કિસ્સામાં જિલ્લા શિક્ષણાધિકારીની કચેરીને જાણ કરવા પણ જણાંવાયુ છે. ફરિયાદ સંદર્ભે વાલીઓનુ નામ પણ ગુપ્ત રાખવામાં આવશે. નોટબંધી બાદ નગરમાં કેશલેશ વ્યવ્હારને પ્રોત્સાહીત કરવા માટે સેમિનારનુ પણ

● અનુસંધાન પાન-૭ પર

# જિલ્લાના ચાર પ્રાથમિક અને એક સામુહિક આરોગ્ય કેન્દ્રની એવોર્ડ માટે પસંદગી

ગાંધીનગર, તા. ૨૪

ગાંધીનગર જિલ્લાના ચાર પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર અને એક સામૂહિક આરોગ્ય કેન્દ્રની ગુણવત્તાસભર સેવા અને સ્વચ્છતા માટે એવોર્ડ ૨૬મીએ એનાયત થશે.

૨૬મીએ પુંધરા પ્રા.આ. કેન્દ્ર અને કલોલ અર્બન હેલ્થ સેન્ટરના અધિકારીઓને આણંદ ખાતેના ધ્વજવંદન સમારોહમાં રૂ. ૫૦-૫૦ હજારના પુરસ્કાર અને પ્રમાણપત્ર તેમજ ટ્રોફી આપી રાજયના મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીના હસ્તે સન્માનિત કરવામાં આવશે.

જ્યારે ગાંધીનગર ખાતે છાલા સામુહિક આરોગ્ય કેન્દ્ર, સુઘડ પ્રા.આ. કેન્દ્ર, ઉવારસદ પ્રા.આ. કેન્દ્રને રાજ્યમંત્રી રોહિતભાઈ પટેલના હસ્તે પ્રમાણપત્ર, ટ્રોફી તેમજ પુરસ્કાર એનાયત કરવામાં આવશે. છાલા સામુહિક આરોગ્ય કેન્દ્રને રૂ. ૧ લાખનો પુરસ્કાર અપાશે જ્યારે સુઘડ અને ઉવારસદ પ્રા.આ. કેન્દ્રને રૂ. ૫૦-૫૦ હજારના પુરસ્કાર એનાયત થશે.

આ એવોર્ડ માટે થયેલી પસંદગીને પગલે જિલ્લા આરોગ્ય તંત્રમાં ખુશીનો માહોલ છવાયો છે. આ એવોર્ડની પસંદગી માટે પહેલા જિલ્લા કક્ષાએ પસંદગી થઈ હતી આ પછી રાજ્યકક્ષાની ટીમ દ્વારા તપાસ કરી અને આખરી પસંદગી કરવામાં આવી હતી.

જિલ્લામાં આરોગ્ય તંત્રને આ વર્ષે રૂ. ત્રણ લાખ જેટલી માતબર રકમ પુરસ્કાર પેટે મળી રહી હોવાથી દરેક સંવર્ગના કર્મચારીઓમાં ખુશીનો માહોલ જોવા મળી રહ્યો છે.

જિલ્લા વિકાસ અધિકારી દેવાંગ દેસાઈએ આ સિદ્ધિ માટે જિલ્લાની આરોગ્ય ટીમને વિશેષ અભિનંદન આપી અને વધુ ગુણવત્તાસભર સેવાઓ આગામી દિવસોમાં જિલ્લાના તમામ લોકોને મળશે તેવી આશા વ્યક્ત કરી હતી.



મુલાકાતીઓનો પ્રવાહ - સચિવાલયમાં મંગળવારે મુલાકાતીઓનો પ્રવાહ વધુ રહ્યો હતો... ચૂંટણીનું વર્ષ હોવાથી ધારાસભ્યો, સંસદસભ્યો અને ભાજપના પદાધિકારીઓ ગામે-ગામથી ટોળાબંધ મંત્રીઓને મળવા માટે અને વિસ્તારના પડતર પ્રશ્નોની રજૂઆત માટે ઉમટ્યા હતા...

# રાજ્યકક્ષાના પ્રજાસત્તાક દિનની ઉજવણી આણંદમાં

**શાનદાર પરેડ આકર્ષણનું કેન્દ્ર રહેશે**

અમદાવાદ, તા. ૨૪

મુખ્યમંત્રી વિજય રૂપાણી ૬૮મા પ્રજાસત્તાક પર્વની આણંદ જિલ્લાના મુખ્યમથકમાં થનારી રાજયકક્ષાની ઉજવણીમાં આવતીકાલ તા. ૨૫મી એ ઉજવાનારા વિવિધ ઉમંગ ઉત્સવોમાં સહભાગી થશે. વિજય રૂપાણી બુધવારે બપોરે આણંદ પહોંચીને કરમસદમાં સરદાર વલ્લભભાઈ પટેલની પ્રતિમાને પુષ્પમાળા અર્પણ કરી કરમસદ હાઈસ્કુલ ખાતે યોજાનારા ખેડુત સંમેલનમાં પ્રગતિશીલ ધરતીપુત્રોનું સન્માન કરશે.

મુખ્યમંત્રી ભારત સરકારના ડોમેસ્ટીક એફિશીયન્ટ લાઈટીંગ પ્રોગ્રામ અન્વયે એલઈડી ટ્યુબલાઈટ અને ફાઈવ સ્ટાર રેટેડ એનર્જી એફિશીયન્ટ પંખાના રાજયવ્યાપી વેચાણનો પ્રારંભ કરાવવાના છે. વિજય રૂપાણી આણંદ શહેર અને જિલ્લાના પ્રતિષ્ઠિત નાગરિકો, સ્વાતંત્ર્ય, સેનાનીઓ માટે ગુજરાતના રાજયપાલ ઓપી કોહલી દ્વારા આયોજીત એટહોમ સમારોહમાં પણ ઉપસ્થિત રહેશે.

# એસપી રિંગ રોડ ફલાય ઓવર એપ્રિલમાં આરંભાશે

અમદાવાદ, તા. ૨૪

ઔડા દ્વારા શહેરના સરદાર પટેલ રીંગ રોડ પર સર્જાતી ટ્રાફિકની સમસ્યાને હળવી કરવા રૂપિયા ૯૪.૫૧ કરોડના ખર્ચથી તૈયાર કરવામાં આવી રહેલો ફલાયઓવર હવે ફેબ્રૂઆરીના બદલે આગામી એપ્રિલ માસમાં તૈયાર થઈ જશે.આ માસમાં જ તેનું લોકાર્પણ કરવા તંત્ર દ્વારા તૈયારીઓ શરૂ કરવામાં આવી છે.આ અંગે મળતી માહીતી અનુસાર,ઔડા દ્વારા સરદાર પટેલ રીંગ રોડ પર જે ફલાયઓવર તૈયાર કરાવવામાં આવી રહ્યો છે.આ ફલાયઓવર ફેબ્રૂઆરી માસમાં તૈયાર થઈ જવાનો હતો.પરંતુ કેટલીક કામગીરી હાલ બાકી હોવાના કારણે હવે આ ફલાયઓવરનું નિર્માણકાર્ય આગામી એપ્રિલ માસમાં પુરૂ કરવામાં આવશે.આ જ માસમાં તેના લોકાર્પણની પણ તંત્ર દ્વારા ગણતરી કરવામાં આવી રહી છે.વર્ષ-૨૦૧૪ના વર્ષમાં આ ફલાયઓવરબ્રિજનું નિર્માણકાર્ય શરૂ કરાવવામાં આવ્યું હતું.આ ફલાયઓવરના નિર્માણકાર્ય પાછળ અંદાજે રૂપિયા ૯૪.૫૧ કરોડનો ખર્ચ કરવામાં આવશે.૩૦ માસમાં આ ફલાયઓવરનું નિર્માણકાર્ય શરૂ કરાવવામાં આવ્યું હતું.

# પોરબંદર પાસે મેર અગ્રણી પર ગોળીબાર

અમદાવાદ, તા. ૨૪

પોરબંદર નજીકના આદિત્યાણા ગામે મેર અગ્રણી ભીમા દુલા ઓડેદરા ઉપર ફાયરીંગ થતા ભારે ચકચાર જાગી છે. બાઈકમાં આવેલા બે શખ્સો પૈકી એકે ગોળી છોડી ત્યારે તેઓને પડખામાંથી ગોળી પસાર થઈ ગઈ હતી તેથી સામાન્ય ઈજા થઈ છે પરંતુ પ્રાથમિક સારવાર માટે પોરબંદર ખસેડાતા મોટી સંખ્યામાં આગેવાનો અને ટેકેદારો ઉમટી પડ્યા છે. બનાવની વિગત એવી છે કે, આદિત્યાણાના મહેર અગ્રણી ભીમાભાઈ દુલાભાઈ ઓડેદરા આદિત્યાણાના ત્રિકમાચાર્ય બરડાઈ બ્રહ્મસમાજ ખાતે યોજાયેલા સમારોહમાં હાજરી આપીને બહાર નીકળ્યા હતા અને કારમાં બેસવા જતા હતા ત્યારે અગાઉથી ત્યાં બાઈકમાં ભીમાભાઈ બહાર નીકળે તેની રાહ જોતા બે શખ્સો પૈકી એક શખ્સે હથીયારમાંથી ફાયરીંગ કરીને ભીમાભાઈના ખુનની કોશીષ કરી હતી.

Gujarat State Petronet Limited
Corporate Identity Number : L40200GJ1998SGC035188
Regd Office: GSPC Bhavan, Sector-11, Gandhinagar - 382 010 Tel: +91-79-66701001
Fax: +91-79-23236477 Website: www.gspcgroup.com Email: investors.gspl@gspc.in

NOTICE

Pursuant to Regulation 47 (1) of the SEBI (Listing Obligations and Disclosure Requirements) Regulations, 2015, Notice is hereby given that the Meeting of the Board of Directors of the Company will be held on Monday, the 6th February, 2017, inter-alia, to consider and take on record the Un-audited Financial Results of the Company for the quarter ended on 31st December, 2016.

The said intimation is also available on the Company's website viz. www.gspcgroup.com and may also be available on the website of Stock Exchanges at www.bseindia.com and at www.nseindia.com.

For Gujarat State Petronet Limited
sd/-
Reena Desai
Company Secretary

Place: Gandhinagar
Date: 24th January, 2017

www.capitaloffset.in
કેપિટલ ઓફસેટ ®
AN ISO 9001:2008 Certified Company
મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ
રજિ. ઓફિસ : પ્લોટ નં. એલ-૮૦૧/૧, ૨, જી.આઈ.ડી.સી.
એન્જીનીયરીંગ એસ્ટેટ, સેકટર-૨૮, ગાંધીનગર. ફોન : ૦૭૯-૨૩૨૧૧૪૫૬, ૨૩૨૧૧૪૮૯
મો. : ૯૬૩૮૧૮૩૮૩૮, ૯૮૨૫૦ ૩૮૩૭૮, ૯૯૨૫૨ ૩૫૪૫૮,
E-mail : capitaloffsetgujarat@gmail.com
ઓફિસ : ૬૦૩ - ૬૦૪, ૬ઠ્ઠો માળ, હવેલી આર્કેડ કોમ્પ્લેક્ષ,
હોટલ હવેલીની પાસે, રાધે સ્વીટની ઉપર, સેકટર-૧૧, ગાંધીનગર
ફોન : ૦૭૯-૨૩૨ ૪૩૬૨૩, મો ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૯
બ્રોશર, લીફલેટ, મેગેજીન, પત્રિકા, સોવિનિયર,
વાર્ષિક અહેવાલ, ન્યુઝ લેટર તથા દરેક પ્રકારનું
મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ તથા
ગ્રાફિકસ ડિઝાઈનીંગ

ઈંટનો શ્રેષ્ઠ, સસ્તો અને મજબૂત વિકલ્પ
ફ્લેટ, બંગલો, બાઉન્ડ્રી વોલ, ઈન્ડસ્ટ્રીયલ વોલ, સ્કૂલ, હોસ્પિટલ માટે
● ઈંટો કરતા વધારે મજબૂત અને ત્રીજા ભાગનું વજન
● ઝડપી કામ તેમજ સીમેન્ટ, રેતી, પાણી અને મજુરીમાં મોટી બચત
● ઓછી કિંમત
● દિવાલો ખૂબ જ ઓછી તપે જેથી અંદરનું વાતાવરણ ઠંડુ રહે
● ઉધઈ અને કીટક પ્રતિરોધક
● ઈલેક્ટ્રીક અને પ્લમ્બીંગ કામ માટે એકદમ સરળ
● મશીન કટ દ્વારા પરફેક્ટ સાઈઝ, એકધારી ગુણવત્તા
● ઘોંઘાટ સામે રક્ષણ (High Sound Insulation)
● દિવાલોમાંથી નિકળતા ક્ષારથી મુક્તિ
ડીલર ઈન્કવાયરી આવકાર્ય
ECO GREEN™
Autoclaved Aerated Concrete Blocks
ગાંધીનગર-ચિલોડા હાઈવે, આર્મી કેમ્પ સામે,
તા. જી. ગાંધીનગર | ફોન : ૭૩૫૯૪૮૮૮૨૦
sales@ecogreenproducts.in | www.ecogreenproducts.in

ઈશ્વરકૃપા ટાયર સર્વિસ
ગાંધીનગર ખાતે સૌથી જુના અને જાણીતા
એપોલો/સીયેટ કંપનીના અધિકૃત વિક્રેતા
CEAT
તમામ સાઈઝના ઓરીજનલ ટાયર-ટ્યૂબ હાજર સ્ટોકમાં વ્યાજબી ભાવે મળશે
પ્લોટ નં. ૮૫૯, વિશ્વકર્મા શોપીંગ સેન્ટર, સરકારી લાઈબ્રેરીની બાજુમાં, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (દુ.) ૨૩૨૬૧૧૬૩, મો. : ૮૧૪૧૦ ૧૨૩૫૪, ૮૧૪૦૪ ૬૦૭૬૭

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેકટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@yahoo.com